

ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી પરસોતમ રૂપાલા પધાર્યા હતા. જેમનું સંસ્થાના અધ્યક્ષે ખેસ પહેરાવી સ્વાગત કર્યુ હતું. પરસોત્તમ રૂપાલાએ આદ્યશક્તિ મા જગદંબાની આરતી ઉતારી હતી. આ સાથે સે. ૧ના સમદર્શન આશ્રમના પૂ. ગુરૂમા સહિત મહિલા અગ્રણીઓ પણ ગરબામાં પધાર્યા હતા. ચોથા નોરતે રાજ્યના જાણીતા ગાયિકા દર્શના ગાંધી ઠક્કર અને રિશીન સરૈયાએ ગરબાંની ધૂમ મચાવી હતી જેને ખેલૈયાઓની હકડેઠઠ મેદનીએ મનભરીને માણી હતી.

# સે-૨૨ નવરાત્રી મહોત્સવમાં માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ ચો તરફ જામી રહ્યો છે. ખૈલેયાઓ અવનવા પરંપરાગત વસ્ત્રોમાં સુસજજ થઈને ગરબે ઘુમી માતાજીની ભકિત અને શકિતના પર્વની ઉજવણી કરી રહ્યા છે. ગરબા મેદાનમાં ખૈલેયાઓ વિવિધ સ્ટાઈલના ગરબા ગાઈને ધુમ મચાવી રહ્યા છે. ત્યારે સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ભકતોથી માતાજીનો ચાચરચોક ઉભરાઈ રહ્યો છે. સુરમધુર કલાવૃંદના ગાયક ધર્મેન્દ્ર નાયકના કંઠે સુંદર ગરબા ગવાતા ખૈલેયાઓ મનમુકીને ઝુમી ઉઠ્યા હતા. જયારે છેલ્લા ત્રણ દાયકાથી શેરી ગરબામાં સેકટર-૨૨ ના ગરબા અનેરુ આકર્ષણ ધરાવે છે.

સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સતત ૨૯ વર્ષથી વેપારી મિત્રો અને વસાહતીઓના પારસ્પરિક સહયોગ અને અથાગ જહેમતથી ગબ્બર ચોક સે-૨૨માં નવરાત્રી મહોત્સવની ભકિતભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. જયારે વર્ષોથી સેકટર-૨૨ માં



યોજાતી નવરાત્રી એકતાના પ્રતિક સમાન બની ગઈ છે. આજે પણ સમગ્ર શહેરમાં શેરી ગરબામાં ગબ્બરચોકના ગરબા સૌથી સારા અને આકર્ષણ બની રહ્યા છે.



વિશાળ મેદાન, આકર્ષક રોશની, વિવાદ કે વિખવાદ વિનાનું ભકિતમય વાતાવરણ તેમજ ભાઈ બહેનો માટે ગરબે ઘુમવાની અલાયદી વ્યવસ્થા છે. સેકટર-૨૨ ગબ્બર ચોક ખાતે ગરબે ઘુમી માતાજીની આરાધના કરવા આસપાસના ગ્રામજનો પણ મોટીસંખ્યામાં ઉમટી પડે છે. ગુજરાતના ગરબા સમગ્ર વિશ્વમાં અનેરુ સ્થાન ધરાવે છે. સેકટર-૨૨ ગબ્બર ચોક ખાતે ગરબા પ્રેમીઓ મોટીસંખ્યામાં ઉમટી પડે છે. યુવાવર્ગ ગરબે રમવા હિલોળે ચઢ્યું છે. ત્યારે નવરાત્રી સમિતિના સભ્યો અને સલામતી રક્ષકો સતત ગબ્બર ચોક ખાતે સેવા આપતા નજરે પડે છે. વિશાળ પાર્કીંગ અને ઝગમગતી લાઈટો વચ્ચે ગબ્બરચોકના ગરબા અનેરુ આકર્ષણ ઉભુ કરે છે. જયારે નવરાત્રી મહોત્સવ દરમિયાન નવરાત્રીના સમિતિના અધ્યક્ષ કાલીદાસ.વી.પટેલ અને તેમની ટીમ સતત ખડેપગે હાજર હોય છે.

## ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિઓ સાથે રૂપાણી યુપી પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પ્રતિનિધિમંડળ સાથે આજે સાંજે ઉત્તરપ્રદેશ પહોંચ્યા હતા. બે દિવસના પ્રવાસે રૂપાણી ઉત્તરપ્રદેશ પહોંચ્યા છે. ઐતિહાસિક સ્ટેચ્યુ ઓફ યુનિટીના અનાવરણ પ્રસંગે ઉપસ્થિત રહેવા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને આમંત્રણ પણ આપવામાં આવશે. બે દિવસના પ્રવાસ દરમિયાન જુદા જુદા કાર્યક્રમમાં તેઓ ભાગ લેનાર છે. ૩૧મી ઓક્ટોબરના દિવસે સરદાર વલ્લભભાઈ પટેલની જ્યંતિ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે રાજ્ય સરકારના તમામ મંત્રીઓ અને નેતાઓ પહોંચે તેવી શક્યતા છે. આજે સાંજે લખનૌ પહોંચ્યા બાદ આવતીકાલે વિજય રૂપાણી યોગી આદિત્યનાથ સાથે વાતચીત કરશે અને ત્યારબાદ લખનૌમાં આયોજિત એકતા સંવાદ જાહેર સભાને પણ સંબોધશે.

# સેકટર-૩/ન્યુ શેરી ગરબામાં ખૈલેયાઓ ધુમ મચાવી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો રાત્રી માહોલ જામ્યો છે. સાંજ ઢળતા જ પૂજા -અર્ચનામાં ભકતો તલ્લીન બન્યા છે. માતાજીના ભકતો પણ ગરબે ઘુમી માતાજીની આરાધના કરે છે. જયારે વિશાળ ચોક અવનવી લાઈટીંગ થી ઝળહળતા ભકતોમાં અનેરુ આકર્ષણ જમાવે છે. તેમના માટે આરતી બાદ પ્રારંભમાં જ સનેડો વગાડવામાં આવે છે. જેમાં બાળકો મનમુકીને ઝુમી ઉઠે છે, ત્યારબાદ ગરબાની રમઝટ જામે છે. પ્રથમ નોરતે પંકજ કાપડીયા તો ગરબાની બોલબાલા વધી જવા પામી છે.

મોકળાશ ભર્યા ગ્રાઉન્ડમાં સુંદર સાઉન્ડ સિસ્ટમના સથવારે રોશનીથી ઝળહળતા અજવાળા વચ્ચે ખૈલેયાઓ માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમી માતાજીની ભકિતની આરાધના કરી રહ્યા છે. જયારે માતાજીના ચાચર ચોકમાં ગરબે રમતા નાના બાળકોને વસાહતી અમિત ઠાકરે દ્વારા રોજ લ્હાણી આપવામાં આવે છે. જયારે ગ્રાઉન્ડમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકાયો છે. તો સલામતી માટે સેકટરના યુવાનો ખડેપગે તૈયાર હોય છે. જયારે નવરાત્રી મહોત્સવમાં સમિતિના પ્રમુખ સંજય પટેલની સાથે સાથે નાગરીકોનો પણ સાથ અને સહકાર સાંપડી રહ્યો છે. જેમ જેમ નોરતાના દિવસો ઘટતા જાય છે તેમ ખૈલાયાઓનો ઉત્સાહ બમણો થતો જાય છે. શહેરમાં નવરાત્રી મહોત્સવને પગલે અનોખુ ધાર્મિક વાતાવરણ ઉભુ થયું છે.



ત્રીજા નોરતે સેકટર-૩ ન્યું શેરી ગરબામાં જુગલબંધી કલાવૃંદના સંગીત-ગરબાના તાલે ખૈલેયાઓએ ધુમ મચાવી હતી. માતાજીના વિશાળ ચાંચર ચોકમાં નાના બાળકથી લઈનો મોટી ઉંમરના

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે છેલ્લા આઠ વર્ષથી શોંપીગ સેન્ટર પાસે માતાજીના ચાચરચોકમાં નવરાત્રી મહોત્સવ ધામધુમથી યોજાય છે. જેમાં બાળકો વહેલા સુઈ જતા હોવાથી

બીજા નોરતે કૃણાલ ઓરકેસ્ટ્રાએ ગરબાપ્રેમીઓમાં ઉત્સાહ જમાવ્યો હતો. જયારે નવરાત્રી મહોત્સવ આયોજક સમિતિ દ્વારા સ્પોન્સરોનું સન્માન કરવામાં આવે છે. શહેરના શેરી ગરબામાં સેકટર-૩ ન્યું



ગાંધીનગર શહેરના સેક્ટર-૩-ન્યુ ખાતે વાઈકીંગ ક્લબ દ્વારા બે દિવસીય ફૂટબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં રાજ્યભરમાંથી ૨૦થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. જ્યારે વિજેતા ટીમને રોકડ પુરસ્કાર અને ટ્રોફી આપી સન્માનીત કરાઈ હતી. ફૂટબોલની મેચ નિહાળવા માટે સ્થાનિક નાગરીકોની ભારે ભીડ જોવા મળી હતી.

# ગુજરાતનું વહીવટી તંત્ર યુવાની તરફ: ૨૩ IAS ઓફિસરો ૨૦૧૯માં વય નિવૃત્ત

રાજયના ૨૩ આઈએએસ અધિકારીઓ ૨૦૧૯માં વયનિવૃત્ત થઈ રહ્યાં છે જેમાં ચીફ સેક્રેટરી જે.એન.સિંઘનો પણ સમાવેશ થાય છે. ગુજરાતના સિનિયર મોસ્ટ અધિકારીઓની વધુ એક ટીમ નિવૃત્તિના આરે છે, બીજી મોટી ટીમ ૨૦૨૦માં નિવૃત્ત થાય છે પરંતુ તે પછી રાજ્યમાં યંગ ઓફિસરોનો દબદબો રહેશે કારણ કે ગુજરાતના વહીવટી તંત્રમાં આઈએએસ અને જીએએસ કેડરમાં ૭૫ ટકાથી વધારે ઓફિસરો યુવાન છે. ગુજરાતની બ્યુરોક્રેસી યુવાની તરફ સરકતી જાય છે. કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા હસમુખ અઢિયા આ વર્ષના નવેમ્બર મહિનામાં વયનિવૃત્ત થાય છે પરંતુ સૂત્રો કહે છે કે તેમને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવી રહ્યું છે. લોકસભાની ચૂંટણીના વર્ષ ૨૦૧૯માં રાજ્યના વધુ ૨૩ ઓફિસરો વય નિવૃત્ત થાય છે જેમાં-- રાજગોપાલ- જાન્યુઆરી, સી.એસ.ચોધરી- ફેબ્રુઆરી, વી.પી.પટેલ અને જે.ટી.અખાણી- માર્ચ, ડો. જે.એન.સિંઘ અને એસ.એલ.અમરાણી- મે, એ.એમ.તિવારી, વી.એ.વાઘેલા અને બી.કે.કુમાર- જૂન, એન.પી.ઠાકર, જે.કે.ગઢવી, આર.જી.ત્રિવેદી અને અમૃત પટેલ- જુલાઇ, સંજય પ્રસાદ,

**રાજનીતિમાં આત્મવિશ્વાસ જરૂરી છે, જો નહીં હોય તો ફેંકાઇ જશો - આવું કોંગ્રેસને કોણ સમજાવશે ?**

**હોલિવુડ પછી બોલિવુડમાં પ્રવેશેલી મી ટુ ઝૂંબેશ જો ગુજરાતમાં શરૂ થાય તો કોને વધુ અસર કરશે**

જી.સી.બ્રહ્મભટ્ટ, એસ.કે.લાંગા અને એચ.જે.વ્યાસ- સપ્ટેમ્બર, લલીત પાડલિયા અને એસ.બી.પટેલ- ઓક્ટોબર, સુજીત ગુલાટી, પી.કે.ગેરા અને ગિરીશચંન્દ્ર મુર્મુ- નવેમ્બર તેમજ આર.જે.માંકડિયા- ડિસેમ્બરનો સમાવેશ થાય છે. રાજ્યની વધુ એક સિનિયર ટીમ નિવૃત્તિના આરે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે જે.એન.સિંઘ મે મહિનામાં નિવૃત્ત થાય છે ત્યારે લોકસભાની ચૂંટણી ચાલતી હોવાથી તેમને પણ એક્સટેન્શન મળી શકે તેમ છે.

**મી ટુ શબ્દસમૂહ એ મહિલાનું શસ્ત્ર છે...**

સ્ઈ્--એ એક એવી બાબત છે કે જેનાથી રાજકીય નેતાઓ, ફિલ્મસ્ટાર્સ, ફિલ્મ નિર્માતા-નિર્દેશક, જાણીતા પત્રકારો અને જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓ થરથર કાંપે છે. મી ટુ ઝૂંબેશે હાલમાં વેગ પકડ્યો છે. એક પછી એક કિસ્સા સામે આવી રહ્યાં છે. આ ઝૂંબેશ આજકાલની નથી, ૨૦૦૬માં તે શરૂ થઈ હતી. તે સમયે જાણીતા સામાજીક કાર્યકર તારાના બૂર્કે દ્વારા જાણીતા ફિલ્મ વેઈન્સ્ટેઈન સામે જાતીય સતામણીના આક્ષેપો કરવામાં આવ્યા હતા. જો કે ૨૦૧૭માં જ્યારે અમેરિકન ફિલ્મ અભિનેત્રી એલીસા મિલાનો દ્વારા ટ્વિટર પર મી ટુ શબ્દસમૂહને જાણીતો બનાવવામાં આવ્યો હતો. મી ટુ ઝૂંબેશ પાછળનો હેતુ એવો છે કે દુકાન, ઓફિસ કે સંસ્થામાં કામ કરતી મહિલાઓની થતી જાતિય સતામણી સામે ઝૂંબેશ શરૂ કરી શકાય. હોલિવુડમાં મી ટુ ના કારણે જેમની સામે આંગળી ચિંધાયેલી છે તે તમામનો બહિષ્કાર થતાં તેમની કારકિર્દી પૂર્ણ થઈ છે. સંસ્કારી ઈમેજની ધૂળધાણી થઈ જાય છે. આબરૂના આવરણ ઉતરી રહ્યાં છે. અભિનેત્રી તનુશ્રી દત્તાએ નાના પાટેકર અને કંગના રનૌતે વિકાસ બહલની પટ્ટી ઉતારી છે. તારા સિરિયલની લેખિકા વિન્તી નંદાએ અભિનેતા આલોકનાથની સંસ્કારીનો ઢોળ ઉતારી દીધો છે. મહિલા કે યુવતિનું જાતીય શોષણ જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ માટે ટાઈમબોમ્બ સમાન છે. આ મી ટુ નો પ્રયોગ જો ગુજરાતમાં થાય તો જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓના જીવનના પડદા ઉતરી જાય તેમ છે. મુંબઈમાં હિરોઈન બનવા આવેલી યુવતિનું શોષણ થતું હોય તેવી સંખ્યાબંધ ફિલ્મો બોલિવુડમાં આવી છે પરંતુ અસલ જીંદગીમાં માત્ર અપવાદરૂપ કિસ્સામાં પર્દાફાશ થયો છે.

**કોંગ્રેસના નેતાઓમાં આત્મવિશ્વાસ રહ્યો નથી...**

ગુજરાતમાં છેલ્લા ૨૮ વર્ષથી સત્તાવિહિન કોંગ્રેસના પ્રદેશ નેતાઓમાં ચૂંટણીમાં વિજયનો આત્મવિશ્વાસ દેખાતો નથી. નરેન્દ્ર મોદી અને અમિત શાહ જો લોકસભામાં ૨૬ બેઠકો લાવવાનો ટંકાર કરતા હોય તો કોંગ્રેસના નેતાઓ કેમ માત્ર આઠ થી નવ બેઠકોનો દાવો કરી રહ્યાં છે, એનો સીધો અર્થ એવો થયો કે કોંગ્રેસના નેતાઓ તેમના આત્મવિશ્વાસમાં પણ પરાસ્ત થઈ ચૂક્યા છે. કોંગ્રેસના નેતાઓની સોચ કેટલી તળીયે છે તે તેમના દાવા કહી બતાવે છે. ભાજપે ગુજરાતમાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦ પ્લસ બેઠકોનો ટારગેટ રાખ્યો હતો ત્યારે ભાજપને ૯૯ બેઠકો મળી છે, જ્યારે કોંગ્રેસે એ સમયે ૯૫ બેઠકોનો ટારગેટ રાખ્યો હતો. અનુભવથી જણાય છે કે નીચા ટારગેટ કોંગ્રેસને નુકશાન કરે છે. ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો ઉપર વિજય મેળવવાના ખ્વાબ અને દાવા સાથે નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં કોંગ્રેસના કબ્જામાં રહેલી નવ બેઠકો ઉપર નજર દોડાવી હતી. કોંગ્રેસ પાસે તે સમયે પાટણ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, આણંદ, ખેડા, દાહોદ, બારડોલી અને વલસાડ બેઠક હતી. આ બેઠકોમાં આવતા વિધાનસભા મતવિસ્તારોનો ભાજપે સર્વે કરાવ્યો હતો અને ભાજપે ૨૬ બેઠકો કબજે કરી લીધી હતી. ૨૦૧૪માં ચૂંટણી પહેલાં ભાજપ પાસે લોકસભાની ૧૭ બેઠકો હતી. કેશુભાઈના શાસન વખતે થયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૨૬ પૈકી ૨૩ બેઠકો મળી હતી તેથી મોદીને આ રેકોર્ડ તોડવો હતો અને ૨૦૧૪ની ચૂંટણીમાં મોદીએ તે રેકોર્ડ તોડી ૨૬ બેઠકો મેળવી હતી. બીજી તરફ કોંગ્રેસના નેતાઓ કહે છે કે અમને ૨૬માંથી આઠ થી દસ બેઠકો મળશે. કોંગ્રેસના રાષ્ટ્રીય તેમજ પ્રદેશના નેતાઓ ૧૦ થી વધુ બેઠકોનો અંદાજ પણ લગાવી શકતા નથી, કારણ કે તેમને તેમના ઉમેદવારો ઉપર વિજયનો વિશ્વાસ રહ્યો નથી.

**બીટીટી કેમ ન આવ્યો?, સિંહા દૂર, બાબા મૌન...**

ભારતમાં ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીના પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યાં હતા. કેન્દ્રમાં યુપીએ સરકાર હતી ત્યારે પૂર્વ નાણામંત્રી યશવંતસિંહાએ એક પ્રપોઝલ કરી હતી કે ઈન્કમટેક્સ અને સર્વિસ ટેક્સ સહિતના તમામ ટેક્સ નાબૂદ કરીને બેન્ક ટ્રાન્ઝેકશન ટેક્સ લાવવો જોઈએ. આ વિધાન સાથે બાબા રામદેવે પણ સૂર પુરાવ્યો હતો અને તેઓ એવું બોલી ગયા હતા કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી આવશે ત્યારે બેન્ક ટ્રાન્ઝેકશન ટેક્સ લાગુ કરશે. આ પછી ભાજપના રાષ્ટ્રીય નેતાઓએ તેમના ચૂંટણી ભાષણમાં કહ્યું હતું કે અમારી સરકાર આવશે તો ચોક્કસ આ દિશામાં વિચાર કરશે. હવે આ ભલામણ કરનારા લોકોને ભારતની પ્રજા શોધે છે, કારણ કે ભારતની જનતા વિવિધ પ્રકારના ટેક્સ અને સેસના ભારણમાં દબાતી જાય છે. બાબા રામદેવને હવે આવી બાબતોમાં રસ નથી, કેમ કે તેમણે તો તેમનો ગોલ સિદ્ધ કરી દીધો છે. ૨૦૧૪માં તત્કાલિન નાણામંત્રી યશવંતસિંહા કહેતા હતા કે ભાજપની સરકાર આવશે તો બેન્ક ટ્રાન્ઝેકશન ટેક્સ નાંખશે અને ઈન્કમટેક્સ દૂર કરશે, હવે તેઓ ભાજપથી દૂર જઈ રહ્યાં છે. બાબા રામદેવ તો ગાઈ વગાડીને કહેતા હતા કે ભાજપની સરકાર આવશે તો બીટીટી ફરજીયાત કરશે. આ બાબા પણ તેમના બિઝનેસના વિસ્તરણમાં ખોવાઈ ગયા છે. બીટીટીનો ફાયદો શું છે તેનો ખ્યાલ આપતાં એક અધિકારીએ કહ્યું કે બીટીટીના કારણે સરકારને ઈન્કમટેક્સમાંથી મળતી આવક કરતાં ત્રણ ગણી વધારે આવક મળી શકે છે. આ પગલાંથી ટેક્સચોરીનું દૂષણ દૂર થઈ જશે, કેમ કે પ્રત્યેક વ્યક્તિ બેન્ક ટ્રાન્ઝેકશન કરતી હોય છે. જનધન યોજના પછી દેશમાં ૯૦ ટકા લોકો પાસે બેન્ક એકાઉન્ટ છે જેનો સીધો ફાયદો સરકારને મળી શકે છે.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

**વધુ એક બદલાવ: GST પછી સ્ટેમ્પ ડ્યુટી...**

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ -જીએસટી- પછી આખા ભારતમાં એક સમાન સ્ટેમ્પડ્યુટી રાખવામાં આવશે, એટલે કે ફાયનાન્સિયલ ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર ટેક્સના દરોમાં એકરૂપતા લાવવા સરકાર સ્ટેમ્પડ્યુટી એક્ટમાં બદલાવ કરી રહી છે. સામાન્ય રીતે શેર, ડિબેન્ચરની ખરીદી અને વેચાણ તેમજ પ્રોપર્ટીના સોદામાં સ્ટેમ્પડ્યુટીની જરૂરિયાત ઉભી થતી હોય છે. સરકારનો દાવો છે કે આ દર સમાન થતાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રોત્સાહન મળશે. રાજ્યના નાણા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સ્ટેમ્પડ્યુટી એક્ટમાં બદલાવ કરીને તેને અંતિમ રૂપ આપ્યું છે. કેન્દ્ર સરકારમાં તૈયાર થયેલી દરખાસ્તને બિલના સ્વરૂપમાં સંસદના શિયાળુ સત્રમાં લાવવામાં આવશે. જો આ બિલ પસાર થશે તો દેશના તમામ રાજ્યોમાં સ્ટેમ્પડ્યુટીના દરો એકસમાન રહેશે. કેન્દ્ર સરકારે વચન આપ્યું છે કે એકસમાન દર થતાં રાજ્યોને સ્ટેમ્પડ્યુટીની આવકમાં કોઈ નુકશાન થશે નહીં.

**મંદી અને ટ્રેડવોર છતાં મૂડીરોકાણના ઉંચા દાવા...**

ગુજરાત સરકારના ઉચ્ચ સનદી અધિકારીઓને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ માટેના ટારગેટ આપવામાં આવ્યા છે. રાજ્ય સરકારનો દાવો છે કે અગાઉની વાયબ્રન્ટ સમિટ કરતાં વધુ એમઓયુ સાઈન નવમી વાયબ્રન્ટ સમિટમાં થશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આ વખતે ૩૦ લાખ કરોડ રૂપિયાની એમઓયુ સાઈન કરવા માગે છે પરંતુ વૈશ્વિક મંદી અને ટ્રેડવોરના સમયમાં આટલા ઉંચા મૂડીરોકાણના દાવા સફળ થાય તો નવાઈ પામવા જેવું હશે, કારણ કે ગુજરાતની જેમ બીજા રાજ્યોએ પણ મૂડીરોકાણ માટેના મેળા શરૂ કર્યા છે. હવે તો નાના રાજ્યો પણ આ દિશામાં ઉદ્યોગજૂથોને આમંત્રણ આપી રહ્યાં છે તેવા સમયમાં બીજા રાજ્યોમાંથી મૂડીરોકાણ ગુજરાત તરફ વાળવું અશક્ય જણાય છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ એક સમયે કહ્યું હતું કે- ભારતના રાજ્યો વચ્ચે મૂડીરોકાણની તંદુરસ્ત સ્પર્ધા થાય તે જરૂરી છે પરંતુ અહીં તો રાજ્યો વચ્ચે મૂડીરોકાણ અને ઉદ્યોગોને ખેંચવાની હોડ શરૂ થઈ છે. આ સ્પર્ધાને તંદુરસ્તીનું નામ અપાય તેમ નથી, કારણ કે ગુજરાતની જેમ બીજા રાજ્યો પણ મૂડીરોકાણ માટે ઉદ્યોગજૂથોને લાલચ અને પ્રલોભનો આપી રહ્યાં છે જે ગુજરાતની સરકાર આપે છે તેની સરખામણીએ વધારે લાલચ પેદા કરે તેવા છે. છત્તીસગઢ જેવું રાજ્ય ઉદ્યોગો માટે પહેલાં જમીન નક્કી કરે છે અને પછી ઉદ્યોગજૂથને આમંત્રણ આપે છે, જ્યારે ગુજરાતમાં પહેલા ઉદ્યોગોને આમંત્રણ આપી એમઓયુ સાઈન કરવામાં આવે છે અને પછી જમીન શોધવામાં આવે છે જેથી પ્રોજેક્ટમાં અસહ્ય વિલંબ થાય છે. ગુજરાત સરકારે

**નવમી ગુજરાત વાયબ્રન્ટ સમિટની થીમ યુવા ભારત અને યુવા ગુજરાત પર બનાવવામાં આવી છે**

ઉદ્યોગો માટેના ધારાધોરણો બદલી વધારે પ્રેક્ટિકલ થવાની જરૂર છે. પ્રોજેક્ટના અમલીકરણ સુધીની ફોર્માલિટી ઝડપથી પૂર્ણ કરવાની જરૂર છે.

**નવમા વાયબ્રન્ટ સમિટની થીમ મજેદાર છે...**

લોકસભાની ચૂંટણી પહેલા યોજાઈ રહેલા ગુજરાત વાયબ્રન્ટ સમિટની થીમ આ વખતે મજેદાર છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેના મહેમાન બનવાના છે તે નવમી સમિટમાં યંગ ઈન્ડિયા અને યંગ ગુજરાત પર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. નવમી સમિટમાં એમએસએમઈ સેક્ટર અને સ્ટાર્ટઅપ મિશનને મેઈન ટારગેટ બનાવવામાં આવ્યું છે. ગુજરાતના યુવા ઉદ્યોગપતિઓ, યુવા રોકાણકારો અને યુવા વેપારીઓને વધારે મહત્વ આપવામાં આવશે. આ વખતે પહેલીવાર ટ્રેડીંગને સમાવવામાં આવ્યું છે. ગુજરાતના ચાર મુખ્ય શહેરો- અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના યુવા કનેક્ટ ફોરમ અનુસંધાને યુવાનોની સફળ બિઝનેસ ગાથા,. સફળ વ્યવસાય અને વેપાર સાહસિકો સાથે યુવાનોનો વાર્તાલાપ કરાશે. ગુજરાતની આ સમિટ ૧૮ થી ૨૦ જાન્યુઆરીએ યોજાવાની છે. આ સમિટમાં ૧૨૫થી વધુ દેશોના પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવાના આમંત્રણ આપવામાં આવ્યા છે. આ સમિટમાં પાર્ટનર કન્ટ્રીની સંખ્યા વધીને ૧૨ કરવામાં આવે તેવી સંભાવના છે. આ સમિટમાં પહેલીવાર ફ્લાઈંગ કાર એટલે કે ઉડતી ગાડી તેમજ ઈલેક્ટ્રોનિક વાહનો મહેમાનોનું આકર્ષણ બની રહેશે.